**RCS No.53/2022**
**JUDGMENT**

| | | | |
|---|---|---|---|
| દાવાઅરજી રજુ તારીખ | | – ૨૦/૧૨/૨૦૨૨ | |
| દાવાઅરજી નોંધ્યા તારીખ | | – ૨૦/૧૨/૨૦૨૨ | |
| દાવાઅરજી ફેંસલ કર્યા તારીખ | | – ૨૩/૦૩/૨૦૨૬ | |
| **સમયગાળો–** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૩ | ૦૩ | ૦૩ |

**મહેરબાન મહુવાનાં પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.મહુવા, જી.સુરત**

**રેગ્યુલર દિવાની (મની) મુકદ્દમા નંબર ૫૩/૨૦૨૨**
**આંક–**

વાદીઃ– સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના અધિકૃત ઓફિસરશ્રી
હરેશભાઈ ભીખાભાઈ પટેલ
રહે : કરચેલીયા, તા.મહુવા જી.સુરત

–વિરૂધ્ધ–

પ્રતિવાદીઃ– શ્રી અજયકુમાર શશીકાંત પટેલ,
ઉ.વ.આ.૩૧ ધંધો : વેપાર,
રહે.ઝંડા ફળિયુ, મોજે કોળી ભરથાણા,
તા.કામરેજ, જી.સુરત

દાવોઃ– રૂ. ૫,૮૮,૫૧૨–૨૭ પૈસા પુરા ચઢતા વ્યાજ સહિત વસુલ મેળવવા બાબત

વાદી તર્ફે – વિદ્ધાન વકીલશ્રી વી.સી.બારડોલીઆ
પ્રતિવાદી તર્ફે – વિદ્ધાન વકીલશ્રી એમ.કે.મહેતાજી

**––// જ જ મે ન્ટ //––**

**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**

**(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત**

વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા કે જે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ સને–૧૯૫૫ હેઠળ સ્થાપિત થયેલી અને બેન્કીંગનો વ્યવસાય કરતી એક કોર્પોરેટ બોડી છે જેની સ્થાનિક કચેરી ભદ્ર, અમદાવાદ મુકામે આવેલી છે. અને જેની એક અધિકૃત શાખા કરચેલીયા તાલુકા મહુવા, જી.સુરત મુકામે આવેલી છે. શ્રી હરેશભાઈ પટેલ વાદી બેંકની કરચેલીયા શાખાના બ્રાંચ મેનેજર છે અને તેમને આ દાવા સબંધી જાત માહિતી છે. તથા તેમને આ દાવો કરવા તથા આ દાવા સબંધી તમામ પ્રકારના કામકાજ કરવાની હોદ્દાની રૂએ સત્તા આપવામાં આવી છે.

આ કામના પ્રતિવાદીને મોબાઈલ શોપ માટે મોબાઈલ ખરીદવા માટે નાણાંની જરૂર હોવાથી વાદી બેંક પાસેથી મુદ્રા લોન સ્કીમ હેઠળ ટર્મ લોન તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ રૂ.૭,૧૧,૦૦૦/– અંકે રૂપિયા સાત લાખ અગીયાર હજાર તથા ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ હેઠળ તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ રૂ.૧,૦૩,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ ત્રણ હજાર પુરાના ધિરાણ મેળવેલા. સદર લોનનો ખાતા નં.૩૭૪૬૮૬૨૨૨૩૪ તથા ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ ખાતા નં.૩૯૪૧૫૦૯૬૪૦૯ છે અને તેમાં કુલ રૂ.૫,૮૮,૫૧૨–૨૭ બાકી પડેલ છે જે વસુલ મેળવવા સારૂ નામદાર કોર્ટમાં વાદી બેંક દ્વારા દાવો દાખલ કરવામાં આવેલ છે.

પ્રતિવાદીએ ઉપરોકત ધિરાણના નાણાની સલામતી માટે વાદી બેંકને તા.૧૭/૦૧/૨૦૧૯ તથા તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ લેટર ઓફ એરેંજમેન્ટનો દસ્તાવેજ લખી આપેલ. પ્રતિવાદીએ વાદી પાસેથી મેળવેલ મોબાઈલ શોપ માટે મોબાઈલ ખરીદવા માટેની લોન ધિરાણના હપ્તાની રકમ તથા વ્યાજ ચુકવવામાં ઘણા જ બેદરકાર તથા અનિયમિત હતા તેમજ લોનની રકમ ભરતા ન હતા તેમજ પ્રતિવાદીનું વાદી બેંકમાં ટર્મલોનનું ખાતુ તા.૨૩/૦૧/૨૦૨૨ ના રોજ એન.પી.એ થયેલ છે તથા ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ ખાતુ તા.૨૩/૦૧/૨૦૨૨ ના રોજ એન.પી.એ. થયેલ છે. તે મુજબ તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીના કુલ રૂ.૫,૮૮,૫૧૨.૨૭ પૈસા બાકી પડેલ છે. આ બાકી ધિરાણની રકમની ચુકવણી કરવા સારૂ પ્રતિવાદીને અનેક વખત લેખિત તથા મૌખિક જાણ કરવા છતાં પ્રતિવાદીએ બાકી પડતી રકમની ચુકવણી કરેલ નહી. જેથી તા.૩૧/૦૮/૨૦૨૨

ના રોજ નોટીસ વાદી બેંકે આપેલ હતી તેમ છતાં પ્રતિવાદીએ બેંકના ધિરાણના બાકી પડતી રકમ રૂ. ૫,૮૮,૫૧૨.૨૭ પૈસા ચુકવેલ નથી. જેથી સદર રકમ પર વ્યાજ સહિત વસુલ મેળવવા સારૂ દાવો કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ તા.૧૦/૦૬/૨૦૨૦ નાં રોજ પ્રતિવાદીને મોબાઈલ શોપ માટે મોબાઈલ ખરીદવા આપેલ ત્યારે અને ધિરાણ લીધેલ ત્યારથી થયેલ છે. તેમજ પ્રતિવાદીએ દાવાના ઉપર દર્શાવેલ મુજબના દસ્તાવેજો સાનગીરો કરાર લખી આપેલ ત્યારથી થયેલ છે. તથા પ્રતિવાદીએ વાદી બેંકનું લેણું કબુલ રાખતો રીવાઈટલ લેટર તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ લખી આપેલ તેમજ પ્રતિવાદીને તા.૩૧/૦૮/૨૦૨૨ ના રોજ વાદી બેંક દ્વારા પ્રતિવાદીને નોટીસ આપવામાં આવેલ ત્યારથી ઉપસ્થિત થયેલ છે.

વાદી બેંક દ્વારા રૂ.૫,૮૮,૫૧૨.૨૭ અંકે રૂપિયા પાંચ લાખ અઠયાસી હજાર પાંચસો બાર અને સત્તાવીસ પૈસા વસુલ મેળવવા સારૂ દાવાના આંક ઉપર રૂ.૧૫,૭૫૦/- નો કોર્ટ ફી સ્ટાંપનો ઉપયોગ કરેલ છે.

ઉપરોકત તમામ હકીકતે આ દાવાનું કારણ આપ નામદાર કોર્ટમાંથી હકુમતમાં ઉત્પન્ન થયેલ હોય, જેથી આ દાવો સાંભળવા નામરદાર કોર્ટને હકુમત છે.

આમ, વાદીએ ઉપરોકત વિગતે હાલનો દાવો કરી કુલ રૂ.૫,૮૮,૫૧૨.૨૭ અંકે રૂપિયા પાંચ લાખ અઠયાસી હજાર પાંચસો બાર અને સત્તાવીસ પૈસા જે ટર્મલોન ખાતુ તા.૩૦/૦૯/૨૦૨૨ થી ૧૨.૧૫% ના ચડતા વ્યાજની રકમ તથા ગેરેંટી ઈમર્જન્સી ક્રેડીટ લાઈન લોન પર ૧૦.૮૦% ના ચઢતા વ્યાજ સહિત પ્રતિવાદીની મીલકતમાંથી વસુલ કરવા બાબતનું હુકમનામું વાદીના લાભમાં કરી આપવા સારૂ અરજ કરેલ છે અને નામદાર કોર્ટને યોગ્ય લાગે તે હરકોઈ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

## (૨) કોર્ટ દ્વારા અનુસરવામાં આવેલ કાર્યવાહી :

સદર દાવાના કામે પ્રતિવાદીને સમન્સની બજવણી કરવામાં આવેલ હતી અને તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ આંક – ૦૫ થી પ્રતિવાદી તરફે વકીલપત્ર રજૂ કરેલ અને ત્યારબાદ પ્રતિવાદી તર્ફે આ દાવાના કામે આંક–૧૦ થી જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ સદર દાવાના કામે અત્રેની અદાલત દ્વારા આંક – ૧૧ મુદ્દા કાઢવામાં આવેલ હતા. ત્યારબાદ વાદી તર્ફે આંક–૧૪ થી સોગંદ પર જુબાનીઓ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક–

૩૬ થી પુરાવા પુરૂ થયાનો જાહેર કરેલ છે. સદર દાવાના કામે પ્રતિવાદી તરફે પુરાવો રજૂ કરવામાં આવેલ નથી જેથી તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ પ્રતિવાદીના પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

## (૩) <u>પ્રતિવાદીના જવાબની ટુંકમાં હકીકત</u> :

આ દાવાના કામે પ્રતિવાદી તર્ફે આંક–૧૦ થી જવાબ રજૂ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ વાદીની દાવા અરજીની તમામ હકીકતો ખરી નથી એ રીતે તેનો ઈનકાર કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે વાદીની દાવા અરજી કોઝ ઓફ એકશન વિનાની હોય રદ કરવા માટે અરજ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે તેઓએ મોબાઈલ શોપ માટે મોબાઈલ ખરીદવા માટે મુદ્રા યોજના હેઠળ તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ ટર્મ લોન રૂ.૭,૧૧,૦૦૦/– તથા રૂ.૧,૦૩,૦૦૦/– ની ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ હેઠળ ધિરાણ મેળવેલા અને તેનો ખાતા નંબર ૩૭૪૬૮૬૨૨૩૩૪ તથા ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ ખાતા નં.૩૯૪૧૫૦૯૬૪૦૯ છે અને તેમાં કુલ રૂ.૫,૮૮,૫૧૨–૨૭ પૈસા બાકી પડેલ છે તે તમામ હકીકતો પ્રતિવાદી સ્વીકાર કરતાં નથી. વધુમાં પ્રતિવાદી એ હકીકત પણ સ્વીકાર કરતા નથી કે રૂ.૫,૮૮,૫૧૨–૨૭ પૈસા બાકી પડેલ છે તે નાણાં પ્રતિવાદીએ જાણીબુઝીને ચુકવેલ નથી. વધુમાં પ્રતિવાદી એ હકીકતનો પણ અસ્વીકાર કરે છે કે તેઓને વાદી બેંક દ્વારા નોટીસ આપવા છતાં જે બાકી પડતાં ધીરાણની રકમ છે તે ચુકવવા હકકદાર છે. આમ પ્રતિવાદી વાદીની દાવા અરજીની તમામ હકીકતોનો અસ્વીકાર કરેલ છે અને દાવો ખર્ચ સહિત રદ કરવા માટે રજુઆત કરેલ છે.

(૪) આ કામે વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવાઓ :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી બેંકના અધિકૃત અધિકારીશ્રી હરેશભાઈ પટેલની સોગંદ પરની જુબાની | ૧૪ |

દસ્તાવેજી પુરાવાઓ :

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઓથોરીટી લેટરની અસલ નકલ | ૧૬ |
| ૨ | સેંકશન લેટરની અસલ નકલ | ૧૭ |
| ૩ | પ્રતિવાદીની લોન અપ્લીકેશનની અસલ નકલ | ૧૮ |
| ૪ | પ્રતિવાદીએ લખી આપેલ કન્સેન્ટ કલોઝની અસલ નકલ | ૧૯ |
| ૫ | પ્રતિવાદીએ લખી આપેલ લેટર ઓપ એરેંજમેન્ટની અસલ નકલ | ૨૦ |
| ૬ | પ્રતિવાદીએ લકી આપેલ હાઈપોથીકેશનના પત્રની અસલ નકલ | ૨૧ |
| ૭ | ઓફર લેટરની અલસ નકલ | ૨૨ |
| ૮ | પ્રતિવાદીએ લખી આપેલ લેટર ઓફ એરેંજમેન્ટની અસલ નકલ | ૨૩ |
| ૯ | પ્રતિવાદીએ લખી આપેલ હાઈપોથીકેશનના પત્રની અસલ નકલ | ૨૪ |
| ૧૦ | પ્રતિવાદીએ લખી આપેલ રીવાઈવલ લેટરની અસલ નકલ | ૨૫ |
| ૧૧ | બેંક તરફથી આપેલ નોટીસની ઓફીસ નકલની અસલ નકલ | ૨૬ |
| ૧૨ | વકીલ નોટીસની ઓફીસ નકલની અસલ નકલ | ૨૭ |
| ૧૩ | નોટીસ પોસ્ટ કર્યા અંગેની પોસ્ટલ અસલ રસીદ | ૨૮ |
| ૧૪ | નોટીસ પ્રતિવાદીને મળ્યાની પોસ્ટ એકનોલેજમેન્ટ અસલ | ૨૯ |
| ૧૫ | પ્રતિવાદીને નોટીસ મળ્યા અંગેનો પોસ્ટલ રેકર્ડ અસલ | ૩૦ |
| ૧૬ | એનેક્ષર–એ ની અસલ નકલ | ૩૧ |
| ૧૭ | પ્રતિવાદીનું બેંકના કોપ્યુટરાઈઝ ખાતાનો ઉતારો | ૩૨ |

(૫) ઉપરોકત તમામ હકીકતોએ આ દાવા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :

1. Whether the plaintiff proves that, the defendant of the case has obtained TERM LOAN of Rs. 7,11,000/- and loan of Rs.1,03,000/- under emergency credit line scheme from the plaintiff bank ?
2. Whether the plaintiff proves that, a sum of Rs.5,88,512.27/- is legally recoverable from the defendant of the case ?
3. Whether that plaintiff is entitled to get the relief claimed

with interest ? If yes at what interest rate and for what period ?

4. whether the Defendant proves that the suit is not maintainable and barred by law ?

5. What order and decree ?

ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. આખરી નિર્ણય મુજબ

**(૬) વાદીનો પુરાવો :**

વાદી તર્ફે પોતાના દાવના સમર્થનમાં વાદી બેંકના અધિકૃત અધિકારીશ્રી હરેશભાઈ પટેલ નાઓનું સોગંદ પર સરતપાસ આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં વાદીએ પોતાની દાવા અરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

વાદીની સરતપાસ લગત પ્રતિવાદીના વિ.વ.શ્રી. એમ.કે.મહેતાજી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, "હું છેલ્લા બે વર્ષથી કરચેલીયા સ્ટેટ બેન્ક શાખામાં મેનેજર તરીકે નોકરી કરૂ છું. મારી ફરજમાં આર્થીક બાબતોની તમામ જવાબદારી આવે છે. મારી ફરજમાં લોન બાબતની પણ જવાબદારી આવે છે. એ વાત ખરી છે કે જ્યારે કોઈ વ્યકિત અમારી પાસે લોનની માંગણી કરે ત્યારે અમો લોન આપતા પહેલા ગેરેન્ટરની માંગણી કરીયે છીએ. સાહેદ જણાવે છે કે ગેરન્ટરની જરૂર પડે તો જ માંગણી કરીયે છીએ.

એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદીને મુદ્રાલોન સ્કીમ હેઠળ લોન આપેલી. મુદ્રાલોન આપતી વખતે ગેરન્ટરની જરૂર ન હોય જેથી લીધેલ નથી. આ કામના પ્રતિવાદીને પ્રથમ રૂ.૭,૧૧,૦૦૦/– ની લોન આપેલી ત્યારબાદ સદર લોન ચાલુ હતી તે જ ગાળામાં કોરોનામાં બીજી રૂ.૧,૦૩,૦૦૦/– ની લોન આપેલી. પ્રથમ લોન તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ આપેલી અને બીજી લોન તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ આપેલી. એ વાત ખરી નથી કે પ્રતિવાદી નિયમિત લોનના હપ્તા ભરતા હતા. સદર લોન પેટે આ કામના પ્રતિવાદીએ કોઈ

રકમ જમા કરાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજ ૫૦,૯૯૩/- ની રકમ જમા આવેલી છે. એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદીને પ્રથમ લોન ૭,૧૧,૦૦૦/- ની અને બીજી લોન ૩.૧,૦૩,૦૦૦/- આમ કુલે ૩.૮,૧૪,૦૦૦/- ની લોન આપેલી. એ વાત ખરી છે કે આ લોન પાંચ વર્ષના ગાળા માટે આપીયે છીએ. એ વાત ખરી છે કે લોન પાંચ વર્ષના ગાળા માટે આપેલી જેથી તે લોન પાંચ વર્ષની અંદર ભરવી પડે. એ વાત ખરી છે કે આ કામના પ્રતિવાદી પાસે લોનની બાકી રકમ ૫,૮૮,૫૧૨.૨૭ પૈસા મેળવવા આ દાવો કરેલો છે. આ દાવો તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ દાખલ કરેલો છે. એ વાત ખરી નથી કે આ કામના પ્રતિવાદીએ લોન પેટે રકમ ભરેલ પરંતુ તેમ છતા નાણા મેળવવા ખોટી રીતે દાવો દાખલ કરેલ છે."

**(૭) પ્રતિવાદીનો પુરાવો :**

પ્રતિવાદીએ આ કામે કોઈ પુરાવો રજુ કરેલ નથી.

**<u>:::નિર્ણય માટેના કારણો:::</u>**

(૮) આ કામે ઘડવામાં આવેલ મુદ્દા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાકન કરતા પહેલા પુરાવાના મુલ્યાકનના સિધ્ધાતો ધ્યાને લેતા જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને જવાબમાં ન દર્શાવેલ હોય તે હકીકતોનો પુરાવો ધ્યાને લઈ શકાય નહી. ભારતીય પુરાવાના કાયદા તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈ તથા દિવાની કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં વાદી કે પ્રતિવાદીઓ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આપે તો પણ પ્લીડીગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી શકાય નહિ.

દાવાના નિર્ણય અર્થે ઘડવામાં આવેલ મુદ્દાઓના અનુસધાને દાવાની હકીકત પુરાવાર કરવા સંબંધી પુરાવાની સાબીતીના બોજાના અનુસંધાને આ તબક્કે ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ ૧૦૧ તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ - ૧૦૪ ની જોગવાઈ ટકવી આવશ્યક જણાય છે.

દિવાની કાર્યવાહીમાં કેસની હકીકતોને સાબિત કરવાનો બોજો વાદીપક્ષે રહે છે. તે માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ - ૧૦૪ વંચાણે લેતા.

**Section 101 of Evidence Act - Burden of proof.**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**Section 104 of B.S.A. - Burden of proof.**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મૂલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ – ૩ તથા બી.એસ.એ.ની કલમ – ૨ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

દિવાની કાર્યવાહીમાં પુરાવાનો બોજો વાદીપક્ષ પર રહેલ છે. વાદીપક્ષે પોતાની હકીકતો પુરાવાથી સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં સર્વપ્રથમ કેસ પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહે છે. વાદીએ જ પોતે જ પોતાનો કેસ ક્લીયર ઍન્ડ કન્વિન્સિંગ ઍવિડન્સ અને પ્રિપોન્ડરન્સ ઑફ ઍવિડન્સથી સાબિત કરવાનો રહે છે.

વધુમાં ભારતીય પુરવા અધિનીયમની કલમ–૧૦૧, ૧૦૬ તથા બી.એસ.એ.ની કલમ – ૧૦૪, ૧૦૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વાદી જે હકીકત જણાવે છે તેનું અસ્તીત્વ છે તેવુ પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર રહેલ છે અને જો વાદી આવી હકિકત પોતાના પુરાવા ધ્વારા પુરવાર કરી શકે કે તેઓ જે દાદ મેળવવા દાવો કરેલ છે તે દાદ મેળવવા તેઓ હકકદાર છે તો તેવા સંજોગોમાં તેનાથી વિરુધ્ધની હકિકત પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદી ઉપર સીફ્ટ થાય છે. કાયદામાં 'પુરાવાનો બોજા' ની સ્પષ્ટ વ્યાખ્યા આપવામાં આવેલ નથી. 'પુરાવાના બોજા' શબ્દ સમુહના બે વિશિષ્ટ અર્થ થાય છે,

જેમાં પ્રથમ અર્થ મુજબ કેસ પુરવાર કરવાનો બોજો અને બીજા અર્થમાં પુરાવો રજુ કરવાનો બોજો આ બંને અગત્યનો તફાવત એવો છે કે, જેની પુરવાર કરવાની પ્રાથમીકતા છે તે આખા કેસની કાર્યવાહી કયારે બદલાતી નથી જયારે અન્ય હકિકતો કેસના સંજોગો મુજબ સમયે-સમયે બદલતી રહે છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ અને બી.એસ.એ.ની કલમ - ૧૦૪ મુજબ પુરાવાનો પ્રારંભીક બોજો વાદી ઉપર રહેલ છે, જે સીવીલ કેસની પ્રાથમીકતા છે જે કેસની કાર્યવાહી દરમ્યાન કયારેક બદલાતી નથી, જયારે વાદી ઉપર રાખવામાં આવેલ પુરાવાની બોજાની હકિકત રજુ કરવામાં સફળ થાય પોતાના પુરાવા ધ્વારા તેઓ કાયદેસર રીતે દાદ મેળવવા હકકદાર હોવાની હકિકત માની શકાય તેવા પુરાવા રેકર્ડ રજુ રાખવામાં સફળ થાય તો તેવા સંજોગોમાં પુરાવાનો બોજો પ્રતિવાદી ઉપર સીફટ થાય તેવા સં જોગોમાં પ્રતિવાદી પોતાના પુરાવા અને હકિકત ધ્વારા વાદી જે હકિકત અને પુરાવા જણાવેલ છે તેને નકારી શકાય તેવા પુરાવા રજુ કરવાની જવાબદારી તેઓ ઉપર સીફટ થતી હોય છે.

સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

સીવીલ દાવામાં કોઈ હકીકત ત્યારે સ્વીકૃત માની શકાય જયારે આવી હકીકતને પ્રીપોન્ડેરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે, આવી હકીકતને સબળ પુરાવા ધ્વારા સચોટ અને સાચી હોવાનુ માની શકાય. જેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩, બી.એસ.એ.ની કલમ - ૨ મુજબ કોઈ હકીકત અસિતત્વમાં છે તેવુ ન્યાયાલય ત્યારે માને અથવા તેનુ અસ્તિત એવુ સંભવિત હોવાનુ ગણે કે કોઈ સમજદાર વ્યકિતએ અમુક કેસના સંજોગોમાં તે હકિકત અસિતત્વમાં છે તેવુ ધારી શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર આવે. જે સં જોગોમાં એક સામાન્ય વ્યકિત સમજી શકે તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીની છે અને અને તેવી હકીકત વાદીએ તેઓના પુરાવા ધ્વારા પુરવાર કરવી જોઈએ, તે માટે પ્ર તિવાદીએ કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે પ્રતિવાદીના પુરાવામાં

અમુક ઉણપ રહિ ગયેલ છે તેનો લાભ વાદી લઈ શકે નહી. હવે વાદીએ રજુ કરેલ પુરાવાને આધારે તેઓએ જણાવેલ હકિકત સાબીત થયેલ છે કે કેમ ? તે માટે સૌપ્રથમ સં ભાવનાઓ નકકી કરવાનો પ્રથમ તબકકો હોય છે અને ત્યારબાદ બીજા તબકકામાં આવી સં ભાવનાઓને પુરાવાને આધારે ભાર નિરર્ધારીત કરવાનુ હોય છે. જે સંજોગોમાં ઘણી વખતે સં ભાવનાઓની વિશાળ શ્રેણીમાં પ્રથમ તબકકામાં સંભાવનાઓ છુટી પાડવાનુ મુશ્કેલ બની રહે છે અને જેને કારણે બીજો તબકકો અકલ્પનીય બની રહે છે. વધુમાં જે વ્યકિત પોતાની તરફેણમાં હુકમ મેળવવા માંગતો હોય અને તે જે વસ્તુ ઉપર આધાર રાખતો તે તેણે સાબિત કરવી જોઈએ, તેવુ આ જોગવાઈમાં સ્પષ્ટપણે જણાવેલ છે. તેવી જ રીતે મેકઝીમ જોઈએ તો **AFFIRMATI NON NENANTI INCUMBIT PROBATIO** અર્થાત જે વ્યકિત હકીકતો ઉપર આધાર રાખતો હોય તેનો પુરાવાનો બોજો તેની ઉપર રહેલો છે. જે સંજોગોમાં ઉપરોકત ચર્ચા પ્રમાણે સીવીલ કેસ જે પુરાવાનો બોજો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીને આધારે સાબીત કરવાની હકિકત અને બોજો સીફટ થવાની હકિકત સાથે ઉપરોકત ચર્ચા વંચાણે લેતા વાદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્રતિવાદીએ વિધાનો કબુલ કર્યા હોય તેવી બાબતો વાદી દ્વારા હકારાત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આવી હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે.

નામ. સુપ્રિમ કોર્ટ અનિલભાઇ ત્રશિષભાઇ વિ. ગુરૂબક્ષસિંહ[AIR 2006 S.C. 1971] ના ચુકાદામાં ઠરાવે છે કે કલમ – ૧૦૧ નો પ્રાથમીક નિર્ણય અપરીવર્તનશીલ છે અને આરંભીક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનુ તે પાલન કરે અને પોતાના દાવાને દાદ માટે પોતે હકકદાર હોવાનું સાબીત કરે ત્યારે તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે.

વધુમાં, એગ્રીકલ્ચર પોડયુસ માર્કેટ કમીટી વિ. ભંડેરી ધીરૂભાઇ નરસીભાઇ [2008(1) G.C.D. 366. Guj] ના ચુકાદામાં નામ. ગુજરાત હાઇકોર્ટ ઠરાવેલ છે કે પ્લીડીંગમાં દર્શાવેલ હકીકત તે અંગે પુરાવો રજુ કર્યા સીવાય સાબીત માની શકાય નહી. સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે દાવા અરજી કે દાવા જવાબમાં કોઇપણ

હકીકત જણાવેલ હોય પણ જયાં સુધી તે હકીકત મૌખીક પુરાવામાં અદાલત સમક્ષ સોગંદ ઉપર જણાવવવામાં ન આવે ત્યાં સુધી તે હકીકત પુરાવામાં બની શકે નહી કે તેવી હકીકત અદાલત ધ્યાનમાં લઈ નહી કારણકે દાવા અરજી કે દાવા જવાબ પોતે કોઈ પુરાવો નથી. આમ, ઉપરોકત ઠરાવવમાં આવેલ સિધ્ધાંતો તથા કેસ હકીકત તથા પક્ષકારો દ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ચર્ચા કરવામાં આવે છે.

**(૯) મુદ્દાઓની ચર્ચા**

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા**

**(૯.૧)** મુદ્દા નંબર ૧ અંગે ચર્ચા કરવામાં આવે તો સૌપ્રથમ વાદી દ્વારા રજુ કરવામાં આવેલ આંક – ૧૪ થી રજુ સરતપાસ જોવામાં આવે તો તેમાં તેઓ જણાવે છે કે, આ કામના પ્રતિવાદીએ તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ મોબાઈલ શોપ માટે મોબાઈલ ખરીદવા માટે નાણાંની જરૂર હોવાથી વાદી બેંક પાસે ટર્મ લોન માટે અરજી કરેલ અને સદર મુદ્રા લોન સ્કીમ હેઠળ ટર્મ લોન તા.૧૧/૦૧/૨૦૧૮ ના રોજ મંજુર થતાં પ્રતિવાદીએ રૂ.૭,૧૧,૦૦૦/–અંકે રૂપિયા સાત લાખ અગિયાર હજાર વાદી બેંક પાસેથી મેળવેલ. વધુમાં, તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ હેઠળ અરજી કરેલ અને તા.૧૦/૦૬/૨૦૨૦ ના રોજ બેંકે રૂ.૧,૦૩,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ ત્રણ હજાર પુરાના ધિરાણ મંજુર કરી પ્રતિવાદીને આપેલ. સદર ટર્મ લોનનો ખાતા નં.૩૭૪૬૮૬૨૨૨૩૪ તથા ઈમર્જન્સી ક્રેડીટ લાઈન ગેરેન્ટી સ્કીમ ખાતા નં.૩૯૪૧૫૦૯૬૪૦૯ છે.

સદર હકીકતોને પુરવાર કરવા વાદી તરફે આંક–૧૭ થી લોન અપ્રેઝલ મેમોરેન્ડમ રજુ છે તેમાં એપ્લીકેન્ટના કોલમમાં હાલના પ્રતિવાદી અજયકુમાર શશીકાંત પટેલનું નામ જણાય આવે છે અને આંક–૧૮ થી લોન એપ્લીકેશન ફોર્મ રજુ છે તેમાં પણ પ્રતિવાદી અજયકુમાર શશીકાંત પટેલનું નામ જણાય આવે છે અને આંક–૧૮ ના પેજ નંબર ૩ ઉપર પ્રતિવાદીનો ફોટો તથા પેજ નંબર ૩ અને ૪ પર તેની સહી અને તેના સાથે પ્રતિવાદીના આધારકાર્ડની નકલ રજુ છે અને સદર આંક–૧૯ થી કન્સેન્ટ ફોર્મ છે તેમાં પણ પ્રતિવાદીનુ નામ અને સહી જણાઈ આવે છે.

વધુમાં, આંક–૨૦ થી ટર્મ લોનના લેટર ઓફ અરેન્જમેન્ટ રજુ છે જેમાં ટર્મ લોન રૂ.૭,૧૧,૦૦૦/–અંકે રૂપિયા સાત લાખ અગિયાર હજાર રૂપિયાની લોન પ્રતિવાદીએ મેળવેલ હોવાનું જણાઈ આવે છે અને જેમાં તારીખ ૧૧–૦૧–૨૦૧૮ હોવાનું તથા તેમાં

પ્રતિવાદીની સહી તથા ફોટો હોવાનું પણ જણાઇ આવે છે. વધુમાં, આંક–૨૧ થી ટર્મ લોનની લોન કમ હાઇપોથીકેશનનો કરાર રજુ છે જેમાં પણ પ્રતિવાદીની સહી હોવાનું જણાઇ આવે છે. આમ, વાદી બેંકની સરતપાસ અને ઉપરોકત દસ્તાવેજોની કરેલ ચર્ચા જોતા વાદી બેંક પાસેથી પ્રતિવાદી અજેયકુમાર શશીકાંત પટેલનાઓએ રૂ૰ ૭,૧૧,૦૦૦/– ની ટર્મ લોન લીધેલ હોવાનું પુરવાર થાય છે અને પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી રૂ૰ ૭,૧૧,૦૦૦/– ની ટર્મ લોન લીધેલ હોવાની હકીકતને પ્રતિવાદીએ વાદી બેંકની કરેલ ઉલટતપાસ થકી ખોટી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૯.૨)** વધુમાં, આંક–૨૨ થી ગેરેન્ટીડ ઇમર્જન્સી ક્રેડીટ લાઇનનો ઓફર લેટર રજુ છે જેમાં એનેક્ષર – II માં તા. ૧૦–૦૬–૨૦૨૦ ના રોજ રૂ૰ ૧,૦૩,૦૦૦/–ની ગેરેન્ટીડ ઇમર્જન્સી ક્રેડીટ લાઇનની લોનમાં બોરોવર તરીકે પ્રતિવાદીના નામ હોવાનું જણાઇ આવે છે તેમજ આંક–૩૧ થી એનેક્ષર – A માં તા. ૧૦–૦૬–૨૦૨૦ ના રોજ રૂ૰૧,૦૩,૦૦૦/–ની ગેરેન્ટીડ ઇમર્જન્સી ક્રેડીટ લાઇનની લોનમાં બોરોવર તરીકે પ્રતિવાદીની સહી હોવાનું જણાઇ આવે છે. તેમજ આંક – ૨૩ થી સદર લોનનો લેટર ઓફ એરેન્જમેન્ટ રજુ છે જેમાં પ્રતિવાદીનો ફોટો અને સહીઓ હોવાનું પણ જણાઇ આવે છે. વધુમાં, આંક–૨૪ થી સદર લોનની લોન કમ હાઇપોથીકેશનનો કરાર રજુ છે જેમાં પણ પ્રતિવાદીની સહી હોવાનું જણાઇ આવે છે. આમ, વાદી બેંકની સરતપાસ અને ઉપરોકત દસ્તાવેજોની કરેલ ચર્ચા જોતા વાદી બેંક પાસેથી પ્રતિવાદી અજેયકુમાર શશીકાંત પટેલનાઓએ રૂ૰૧,૦૩,૦૦૦/– ની ગેરેન્ટીડ ઇમર્જન્સી ક્રેડીટ લાઇન લોન લીધેલ હોવાનું પુરવાર થાય છે અને પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી રૂ૰૧,૦૩,૦૦૦/– ની ગેરેન્ટીડ ઇમર્જન્સી ક્રેડીટ લાઇન લોન લીધેલ હોવાની હકીકતને પ્રતિવાદીએ વાદી બેંકની કરેલ ઉલટતપાસ થકી ખોટી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૯.૩)** વધુમાં, આંક – ૨૫ થી તા.૧૭–૦૬–૨૦૨૦ ના રોજનો રીવાઇવલ લેટર આ કામે રજુ છે જેમાં પ્રતિવાદીનું નામ અને સહી હોવાનું જણાઇ આવે છે. વધુમાં આંક – ૨૬ થી વાદી બેંક દ્રારા પ્રતિવાદીને આપવામાં આવેલ તા.૩૧–૦૮–૨૦૨૨ ના રોજની રૂ૰૪,૬૪,૯૯૦/–ની નોટીસ રજુ છે. તેમજ આંક–૨૭ થી નોટિસ અને આંક–૨૮ આર.પી.એ.ડી.સ્લીપ અને આંક–૨૯ થી એકનોલેજમેન્ટ અને આંક–૩૦ ટ્રેકિંગ રિપોર્ટ રજૂ છે.

આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી

રૂ૦૭,૧૧,૦૦૦/– ની બિઝનેશ ચાને ટર્મ લોન અને રૂ૦૧,૦૩,૦૦૦/– ની ઈમર્જનસી ક્રેડીટ લાઇને ગેરેન્ટી સ્કીમ હેઠળ લોન લીધેલાનું પુરવાર થતુ હોય જેથી મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૨ અને ૩ ની ચર્ચા**

**(૯.૪)** મુદ્દા નંબર ૨ અને ૩ અંગે ચર્ચા કરવામાં આવે તો વાદી તેની દાવા અરજી તથા આંક – ૧૪ થી રજુ સરતપાસના પેરા – ૬ માં ટર્મ લોનના ખાતા નંબર ૩૭૪૬૮૬૨૨૨૩૪ માં તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજ રૂ૦ ૪,૭૯,૪૨૩.૧૪/– અને ઇમર્જન્સી ક્રેડિટ લાઇન ગેરેન્ટી સ્કીમના ખાતા નં. ૩૯૪૧૫૦૯૬૪૦૯ માં તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજ રૂ૦૧,૦૯,૦૮૯.૧૩/– મળી કુલ્લે રૂ૦ ૫,૮૮,૫૧૨.૨૭/– પ્રતિવાદી પાસેથી વાદી બેંકને લેવાના બાકી પડતા હોવાનું જણાવે છે, પરંતુ તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજના ટર્મ લોનના ખાતામાં રૂ૦ ૪,૭૯,૪૨૩.૧૪/– અને ઇમર્જન્સી ક્રેડિટ લાઇન ગેરેન્ટી સ્કીમના ખાતામાં તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજ રૂ૦ ૧,૦૯,૦૮૯.૧૩/– મળી બંને ખાતાની કુલ રકમ રૂ૦ ૫,૮૮,૫૧૨.૨૭/– લેવાના નિકળે છે તે હકીકત પુરવાર કરવા સારૂ બંને ખાતાના તા. ૩૦–૦૯–૨૦૨૨ ના રોજના કોઇ સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ સદર કામે વાદી બેંક તર્ફે રજુ કરવામાં આવેલ નથી. આમ, જયારે તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજના કોઇ સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ જેમાં કુલ્લે રૂ૦૫,૮૮,૫૧૨.૨૭/– ની રકમ લેણી થાય છે તેવુ પુરવાર કરવા સારૂ સદર કામે આવા કોઇ તા.૩૦–૦૯–૨૦૨૨ ના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે સદર બંને ખાતામાં કુલ કેટલા રકમ લેવાના બાકી છે તે હકીકત સ્પષ્ટ થતી નથી.

**(૯.૫)** વધુમાં, સદર બંને લોન ખાતામાં પ્રતિવાદીએ કોઇ રકમ જમાં કરાવેલ છે કે કેમ અને જો જમાં કરાવેલ હોય તો કેટલી રકમ કયા ખાતામાં અને કઇ તારીખે જમાં કરાવેલ છે અને પ્રતિવાદીએ સદર બંને લોન ખાતામાં છેલ્લે કયારે અને કેટલા રૂપીયાનો હપ્તા ભરેલ તે હકીકત પણ વાદી બેંકએ તેની સરતપાસમાં જણાવેલ નથી. લોન ખાતાના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ અને સ્ટેટમેન્ટ ઓફ લોન ઇન્ટરેસ્ટ વાદી બેંક પાસે ઉપલબ્ધ હોય છે અને બેંકર્સ બુક એવીડન્સના કાયદા મુજબ લોન એકાઉન્ટસના સ્ટેટમેન્ટ ખુબ જ અગત્યના છે અને લોન એકાઉન્ટસના સદર સ્ટેટમેન્ટસ દ્રારા જ જે તે લોન ખાતામાં તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજ કેટલી રકમ બાકી છે અને કેટલી રકમ લોન લેનાર દ્રારા જમાં કરાવવામાં આવેલ છે અને કઇ તારીખે જમાં કરાવવામાં આવેલ છે તે અંગે માહીતી મળી શકે અને સ્પષ્ટતા થઇ શકે તેમજ

લોન ખાતામાં કેટલા નાણા લેવાના બાકી છે તે હકીકત પુરવાર થઇ શકે.

**(૯.૬)** વધુમાં, સદર કામે નિ. ૩/૧ થી અજયકુમાર શશીકાંત પટેલનાઓનું એકાઉન્ટ નંબર ૩૭૪૬૮૬૨૨૨૩૪ અને નિ. ૩/૨ થી અજયકુમાર શશીકાંત પટેલનાઓનું એકાઉન્ટ નંબર ૩૯૪૧૫૦૯૬૪૦૯ નું મેન્યુઅલ એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરવામાં આવેલ છે અને સદર બંને સ્ટેટમેન્ટને વાદી બેંક તર્ફે આંકે પડાવવા માટે કોઇ અરજી આપી નથી અને વાદી તર્ફે આંક – ૧૫ થી જે અરજી આપવામાં આવેલ છે તેમાં નિ. ૩/૧ અને નિ.૩/૨ ને આંકે પાડવા અંગે કોઇ અરજ કરવામાં આવેલ નથી કે તેમની સરતપાસમાં પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી જેથી સદર નિશાનીઓને આંકે પાડવા અંગે કોઇ હુકમ કરવામાં આવેલ નથી.

**(૯.૭)** વધુમાં, એકાઉન્ટ નંબર ૩૭૪૬૮૬૨૨૨૩૪ ના નિ. ૩/૧ થી રજુ મેન્યુઅલ સ્ટેટમેન્ટને વાદીએ આંક પડાવવા માટે કોઇ કાર્યવાહી કરાવેલ નથી તેમ છતાં નિ. ૩/૧ ને આંક–૩૨ થી રજૂ ટર્મ લોન એકાઉન્ટના ઓનલાઇન કોમ્પ્યુટર જનરેટેડ સ્ટેટમેન્ટ સાથે સરખામણી કરી વંચાણે લેવામાં આવે તો નિ. ૩/૧ ના મેન્યુઅલ સ્ટેટમેન્ટ માં તા. ૩૧–૦૧–૨૦૨૨ ની સ્થીતીએ આઉટસ્ટેન્ડીંગ એમાઉન્ટમાં ૫,૦૫,૦૦૩.૩૬/– બતાવેલી છે અને આંક–૩૨ થી રજૂ સદર ટર્મ લોન એકાઉન્ટના પેજ નંબર ૪ ના ઓનલાઇન કોમ્પ્યુટર જનરેટેડ સ્ટેટમેન્ટમાં તા.૩૧–૦૧–૨૦૨૨ ની સ્થીતીએ બેલેન્સ ૪,૯૬,૨૨૮./– દર્શાવેલ છે જે બંને રકમ અલગ જણાઇ આવે છે. ત્યારે વાદી બેંક તર્ફે નિ. ૩/૧ થી રજુ મેન્યુઅલ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ રકમમાં અને આંક–૩૨ થી રજૂ ટર્મ લોન એકાઉન્ટના ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝડ સ્ટેટમેન્ટના પાના નંબર ૫ માં દર્શાવેલ રકમમાં તા.૩૧–૦૧–૨૦૨૨ ની સ્થીતીએ વિસંગતતા જણાઇ આવતી હોય અને સદર વિસંગતતા અંગે વાદી બેંક દ્વારા કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી મેન્યુઅલ સ્ટેટમેન્ટની ગણતરી લગત આ અદાલતને શંકા ઉદભવે છે. જેથી સદર સ્ટેટમેન્ટના આધારે પ્રતિવાદી પાસે કેટલી રકમ લેવાની બાકી નિકળે છે તે હકીકત સ્પષ્ટ થતી નથી.

**(૯.૮)** વધુમાં, એકાઉન્ટ નંબર ૩૯૪૧૫૦૯૬૪૦૯ ના નિ. ૩/૨ થી રજુ મેન્યુઅલ સ્ટેટમેન્ટને વાદીએ આંક પડાવવા માટે કોઇ કાર્યવાહી કરાવેલ નથી તેમ છતાં નિ. ૩/૨ ને આંક–૩૨ થી રજૂ એમર્જન્સી ક્રેડીટ લાઈન સ્કીમ લોન એકાઉન્ટના ઓનલાઇન કોમ્પ્યુટર જનરેટેડ સ્ટેટમેન્ટ સાથે સરખામણી કરી વંચાણે લેવામાં આવે તો નિ. ૩/૨ ના મેન્યુઅલ સ્ટેટમેન્ટ માં તા.૩૧–૦૧–૨૦૨૨ ની સ્થીતીએ આઉટસ્ટેન્ડીંગ એમાઉન્ટ

૧,૦૧,૩૪૨.૦૦/– બતાવેલી છે અને આંક–૩૨ થી રજૂ એમર્જન્સી ક્રેડીટ લાઈન સ્કીમ લોનના ઓનલાઈન કોમ્પ્યુટર જનરેટેડ સ્ટેટમેન્ટના પેજ નંબર ૧ ઉપર તા.૩૧–૦૧–૨૦૨૨ ની સ્થીતીએ બેલેન્સ ૧,૦૦,૦૬૧/– દર્શાવેલ છે જે બંને રકમ અલગ જણાઈ આવે છે. ત્યારે વાદી બેંક તર્ફે નિ. ૩/૨ થી રજુ મેન્યુઅલ સ્ટેટમેન્ટમાં દર્શાવેલ રકમમાં અને આંક–૩૨ થી રજૂ એમર્જન્સી ક્રેડીટ લાઈન સ્કીમ લોન એકાઉન્ટના ઓનલાઈન કોમ્પ્યુટરાઈઝડ સ્ટેટમેન્ટના પાના નંબર ૧ માં દર્શાવેલ રકમમાં તા.૩૧–૦૧–૨૦૨૨ ની સ્થીતીએ વિસંગતતા જણાઈ આવતી હોય અને સદર વિસંગતતા અંગે વાદી બેંક દ્વારા કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. જેથી મેન્યુઅલ સ્ટેટમેન્ટની ગણતરી લગત આ અદાલતને શંકા ઉદભવે છે. જેથી સદર સ્ટેટમેન્ટના આધારે પ્રતિવાદી પાસે કેટલી રકમ લેવાની બાકી નિકળે છે તે હકીકત સ્પષ્ટ થતી નથી.

આમ, લોન અંગેના તા.૩૦–૦૯–૨૦૨૨ ના રોજના બાકી લેણી નીકળતી રકમના કોઈ સ્ટેટમેન્ટ સદર દાવાના કામે રજુ થયેલ ન હોય ત્યારે વાદી બેંકને પ્રતિવાદીના બંને લોન ખાતામાંથી કુલ કેટલી રકમ બાકી નીકળે છે તે હકીકત સ્પષ્ટ થતી નથી. જેથી વાદી બેંકને પ્રતિવાદી પાસેથી બંને લોન ખાતાના કુલ રૂ૦૫,૮૮,૫૧૨.૨૭/– બાકી નિકળે છે તે હકીકત પુરવાર થતી ન હોય જેથી મુદ્દા નંબર – ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

જયારે વાદી બેંક દાવા મુજબની લેણી રકમ બાકી નીકળે છે તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે કયા રકમ ઉપર કેટલા ટકા વ્યાજ આપવુ અને કયા સમયગાળાથી કયા સમયગાળા માટે વ્યાજ આપવુ તે હકીકત પણ સ્પષ્ટપણે પુરવાર થતી ન હોય જેથી મુદ્દા નંબર ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નંબર ૪ અને ૫ ની ચર્ચા**

**(૯.૯)** મુદ્દા નંબર ૪ અંગે ચર્ચા કરવામાં આવે તો મુદ્દા નંબર – ૪ પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદી ઉપર રહેલ છે પરંતુ પ્રતિવાદી તર્ફે સદર મુદ્દા પુરવાર કરવા સારૂ જયારે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે વાદીના દાવાને કોઈ રીતે બાધ નડતો હોય તેવુ પણ પ્રતિવાદીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય જેથી મુદ્દા નંબર ૪ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર – ૫ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ //**

**(૧)** વાદીનો હાલનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) બંને પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ ૨૩[મી] માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સિવિલ કોર્ટ મહુવા.**
**તા.૨૩/૦૩/૨૦૨૬**

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જયુડી.મેજી.ફ.ક.,**
**તા.મહુવા જિ.સુરત કોડ નં.જીજે૦૧૬૧૯**

**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**